વડીલોને વંદન અભિનંદન

જીલુભા ધાધલ
(૧૯૬૫) મો.૯૪૨૪૦૨૯૯૦૨

ધનજીભાઈ એસ. પરમાર
(૧૯૪૧) મો.૯૯૧૩૮૩૭૪૩૩

પ્રવિણભાઈ એન. ઠાકોર
(૧૯૪૫) ફોન: ૨૩૨૩૯૧૨૬

૩૩ જેટલા ક્ષેત્રોમાં ૧૦૧૧૯ પ્રોજેક્ટોને મંજુરી અપાઈ : ૨૭૪૬૧ કરોડનું મૂડીરોકાણ

ગાંધીનગર, તા. ૧૩

વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન જુદા જુદા ૩૩ જેટલા ક્ષેત્રોમાં અંદાજે ૧૦૧૧૯ પ્રોજક્ટો માટેના સમજુતી કરારો કરીને તેને મંજુરી આપવામાં આવી છે. જેમાં ૨૭૪૬૧.૪૯ કરોડનું મૂડીરોકાણ આવશે અને ૨,૦૪૪૨૯ લોકોને રોજગારી મળશે.

વાઈબ્રન્ટ સમીટ દરમ્યાન ઉદ્યોગ કમિશનર જી.આઈ.ડી.સી. દ્વારા કરવામાં આવેલા એમ.ઓ.યુ. બાદ આજે બી.ટુ બી બેઠકો યોજવામાં આવી હતી. જેમાં વિવિધ સેક્ટરોમાં પ્રોજેક્ટોને મંજુરી આપીને આખરી કરારો કરવામાં આવ્યા હતા. જેમા સૌથી વધુ એન્જીનીયરીંગ ઓટો અને સીરામક ઉદ્યોગ ક્ષેત્રમાં ૩૩૦૧ પ્રોજેક્ટોને મંજુર કરવામાં આવ્યા છે જેમાં અંદાજે ૭૨૩૦.૪૧ કરોડનું મૂડી રોકાણ આવશે.

આ ઉપરાંત કેમીકલ અને પેટ્રોકેમીકલ્સ ક્ષેત્રમાં ૧૧૬૬ પ્રોજેક્ટોને મંજુર કરવામાં આવ્યા છે. જેમાં ૧૭૧૩.૬૪ કરોડનું મૂડીરોકાણ આવશે. આ ક્ષેત્રમાં ૨૬૯૫૯ લોકોને રોજગારી મળશે.

ગત વર્ષ-૨૦૧૩માં યોજાયેલી વાઈબ્રન્ટ સમીટની સરખામણીએ આ વર્ષે યોજાયેલી સમીટમાં ફુડ અને એગ્રો પ્રોસેસીંગ ક્ષેત્રમાં ઓછા પ્રોજેક્ટો આવ્યા છે. ૨૦૧૩ના વાઈબ્રન્ટમાં આ સેક્ટરમાં ૧૧૩૨ પ્રોજેક્ટો આવ્યા હતા. જેની સામે આ વખતની વાઈબ્રન્ટમાં આ સેક્ટરમાં માત્ર ૫૬૪ પ્રોજેક્ટો જ આવ્યા છે.

ટેક્ષટાઈલ અને એપરલ સેક્ટરમાં ૬૨૦ પ્રોજેક્ટોને મંજુરી આપીને કરારો કરવામાં આવતા આ સેક્ટરમાં ૨૧૬૪.૨૨ કરોડનું મૂડીરોકાણ આવ્યુ છે. જ્યારે ઓઈલ ગેસ અને ફર્ટીલાઈઝર સેક્ટરમાં ૭૯ પ્રોજેક્ટો મંજુર કરવામાં આવ્યા છે. જેમાં ૧૯૨.૫ કરોડનું મૂડીરોકાણ આવશે. આમ સ્મોલ એન્ડ મીડીયમ ઉદ્યોગ ક્ષેત્રમાં અંદાજે ૧૦૧૧૯ પ્રોજેક્ટો સાથે ૨૭૪૬૧ કરોડનું મૂડીરોકાણ આવવા પામ્યું છે.



મકરસંક્રાતિના દાનપૂણ્યથી ઘાસચારો મળવાની આશામાં માલધારીઓ

ઉત્તરાયણ પર્વમાં અબોલ પશુઓને ઘાસચારો ખવડાવી ઉત્તમ પૂર્ણ કમાવાનો અવસર ગણાય છે. ચિલોડા પંથકમાં હાલ અનેક માલધારીઓ તેમના ગૌધન સાથે સેવાભાવિકો દ્વારા નીરવામાં આવતા ઘાસચારાની રાહ જોઈ બેઠેલા જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે રવી સીઝનમાં શિયાળુ પાકનું વાવેતર થતા પશુધન માટે ચરાણની અછત વર્તાઈ રહી છે ત્યારે આ માલધારીઓ સૂકાં-લીલા ઘાસચારા નીરનારા દાનવીરો તરફ મીટ માંડી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

રાસલોડ ગામે પાણીના હોજમાં પડેલ બાળકનો જીવ બચાવી માત્ર નજીવી ફી લઈ ડૉક્ટરે ફરજ અદા કરી

પ્રાંતિજ, તા. ૧૩

આજના યુગમાં દરેક માનવી પૈસા પાછળ દોડ મુકીને ભાગે છે ત્યારે હાલ પૃથ્વી ઉપર સમાજમાં ભગવાન પછી કોઈ બીજુ ભગાવન તરીકે પુજાતુ હોય તો તે હાલ ડૉક્ટર છે. પણ હાલ કહેવાય છે કે ડોક્ટરો પૈસા પાછળ એટલા બધાં આંધળીદોડ મુકીને ભાગે છે કે ગરીબ હોય કે અમીર બધાને એકજ લાકડીએ હાંકે છે અને અદ્યતન દવાખાનાઓના ખર્ચ પુરા કરવા તથા બે થી ત્રણ કમ્પાઉન્ડરના પગાર તથા વિવિધ ફેસીલીટી વગેરે ખર્ચ આવનાર પેશન્ટો ઉપર કાતર મુકે છે. પણ હિંમતનગરના ડૉક્ટર દ્વારા અન્ય ડૉક્ટરો તથા સમાજ માટે પ્રેરણારૂપ કિસ્સો જોવા મલ્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના રાસલોડ પાસે આવેલ એક ખેતરમાં રહેતા (મુળ ડુંગરપારના રહેવાસી) અને પોતાનો ઘર સંસાર ચલાવવા માટે ખેતરમાં મજુરી કરે છે જ્યારે કાવાભાઈનો દોડ વરસનો પુત્ર પાણીના ઉંડા હોજમાં પડી જતાં તે પાણીપી જતા તેની હાલત ગંભીર થઈ જતા અનેપેટમાં પાણી પી જતા પેટ ફુલી જતા તેને પહેલા પ્રાંતિજ ખઆતે પ્રાઈવેટ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાંથી હાજર તબીબી દ્વારા હિંમતનગર ખાતે લઈ જવાની સલાહ આપી હતી. જેથી હિંમતનગર ખાતે આવેલ ખાનગી હોસ્પિટલમાંલઈ જવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબી દ્વારા પુરી ટીકમીક બાદ બાળકને નવુ જીવનદાન મળ્યુ હતુ. જયારે બાળકને ત્રણ કલાક પછી રજા આપવાની થતાં બાળકના પિતાની સામે જોઈને ડૉક્ટર દ્વારા બીલ આપતા આજુબાજુમાંથી સાથે ગયેલ લોકો પણ બીલની રકમ જોતા અચંબામાં પડી ગયા અને જોડે ગયેલા લોકો એકવાર તો મનથી કઈ દીધું કે ડૉક્ટર ભગવાનું સ્વરૂપ હોય છે એ આ બીલ અને ડૉક્ટરની ઉદારતા જોઈને અને માત્ર ૧૫૦ રૂપિયાનું નોર્મલ બીલ આપતા ખરેખર કહેવાનું મન થાય છે કે ભગવાન પછી કોઈ પૃથ્વી પર બીજુ ભગવાન હોય તો તે ડૉક્ટર છે એ આ કિસ્સા ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે.

મોડાસાની બીસીએ કોલેજમાં કમ્પ્યુટર પરિચય તાલીમ શિબિર યોજાઈ

મોડાસા,. તા. ૧૩

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત બી.સી.એ. કોલેજમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સહયોગથી ત્રણ દિવસ માટેની કોમ્પ્યુટર પરિચય તાલીમ શિબિર યોજાઈ જેમાં યુનિવર્સિટીની વિવિધ ૨૨ જેટલી કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શિબિરના ઉદ્‌ઘાટક તરીકે હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ.ના કોમ્પ્યુટર વિભાગના ડીન ડૉ. બિજેન્દ્ર એસ. અગ્રવાલ, મુખ્ય મહેમાનમાં કડી બી.સી.એ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિજય એમ. ચાવડા તથા અતિથિ વિશેષ તરીકે મ.લા. ગાંધી ઉ.કે. મંડળ તથા લબી.સી.એ. કોલેજના પ્રભારીશ્રી સુરેન્દ્રભાઈ જે. શાહ મહેમાનો ઉપસ્થિત રકહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બી.સી.એ. કોલેજના આચાર્ય ડૉ. ભદ્રેશભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કરી પરિચય કરાવ્યો હતો. આ ત્રણ દિવસ ચાલેલી શિબિરમાં ચાણસ્મા, ખેરાલુ વડનગર, હિંમતનગર, ઊંઝા તેમજ ભિલોડા સહીત ૨૨ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ શિબિરમાં વિવિધ કોલેજોમાંથી કોમ્પ્યુટર વિષય તજજ્ઞો દ્વારા શિબિરાર્થીઓને કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ, ઈન્ટરનેટની ઉપયોગીતા, તેમજ મોબાઈલ અને ટેકનોલોજી વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે સાથ પ્રેક્ટીકલ નોલેજ પણ આપવામાં આવ્યું હતું.

ત્રણ દિવસ ચાલેલી શિબિરની પૂર્ણાહુતિના સમયે મુખ્ય મહેમાન તરીકે કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા અહેમદાબાદના વા. ચેરમેન શ્રી વિજયભાઈ શાહ, ગાબટના એન.આર.આઈ. એવા રમેશભાઈ શાહ (યુએસએ) અતિથિ વિશેષમાં કોલેજ કેળવણી મંડળના માનદમંત્રી સુભાષભાઈ એમ. શાહ, કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. સુધીરભાઈ જોષી, મોડાસા કલ્ચર ફોરમના અગ્રણી સુરેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી વિજયભાઈ શાહે શિબિરાર્થીઓને કોમ્પ્યુટર વિષય સુંદર માહીતી આપવામાં આવી હતી. તેમજ સીએસઆઈમાંથી મળેલ બી.સી.એ. કોલેજના કેન્દ્રથી આજુબાજુ ગામડાના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરની બેઝીક જાણકારી આપવાની અપીલ કરી હતી. કોલેજ કેળવમી મંડળના તથા બી.સી.એ. કોલેજના પ્રભારી સુરેન્દ્રભાઈ શાહે આ શિબિર મોડાસા કોલેજના યજમાન પદે ફાળવવા બદલ હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.નો આભાર માન્યો હતો.

અરવલ્લી એલ.સી.બી.એ દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે આજે દોઢ વર્ષથી નાસતો ફરતો ચોરીન આરોપી ઝડપી પાડ્યો હતો અને તેને જેલ હવાલે કર્યો હતો.

અરવલ્લી જિલ્લા પોલીસ વડાની સૂચનાએ જિલ્લા એલ.સી.બી.એ કેટલાક નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી. જેમાં એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટલ અને તેમની ટીમને સફળતા મળી હતી. એલ.સી.બી. પોલીસે રાજસ્થાનના ડુંગરપુરના દેડલી ગામના ચોરીના આરોપી માવજી જીવાભાઈ ગામેતીને ઝડપી પાડી તેને જેલહવાલે કર્યો હતો. જે અંગે પોલીસે વધુ કાર્યવાહીી હાથ ધરી છે.

ડાંગીયા ગામની પ્રાથમિક શાળામાં ઉત્તરાયણ ઉજવવામાં આવી

દાંતીવાડા, તા. ૧૩

દાંતીવાડા તાલુકાના ડાંગીયા ગામની પ્રાથમિક શાળામાં આજ રોજ ગામના અગ્રણીઓ તેમજ એસએમસી કમિટીના ઉત્સુક સભ્યોની ઉપસ્થિતિએ શાળાના આચાર્ય તેમજ શિક્ષક સ્ટાફ દ્વારા સ્ટેજ પોગ્રામ સાથે ઉત્તરાયણના પર્વમાં સાવચેતી રાખવા જેવી બાબતોથી વિદ્યાર્થીઓને સાવચેત કરાયા હતા. અને તિથી ભોજન કરાવી પતંગ દોરી આપી વિદ્યાર્થીઓની સાથે મળી શિક્ષકોએ પણ પતંગ ચગાવ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ડાંગીયા ગામની એકથી આઠ ધોરણની શાળામાં આજ રોજ ઉત્તરાયણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને સાથે ગામની શાળાની એસએમસી કમિટી દ્વારા વિદ્યાર્થીઓને તિથી ભોજન કરાવવામાં આવ્યું હતું. આજના આ કાર્યક્રમમાં વિદ્યાની દેવી માનવામાં આવતી મા સરસ્વતીની છબીની પૂજા કરી ફૂલહાર પહેરાવી કાર્યક્રમની શુભ શરૂઆત વિદ્યાર્થીનીઓના સ્વાગત ગીતથી કરવામાં આવી હતી. અને આજના આ કાર્યક્રમમાં ખાસ કરીને ઉત્તરાયણના પર્વમાં કોઈ બાળકને કોઈ હાની ન પહોંચે તે માટે સાવચેતી રાખવા અને પતંગ લુંટવાની છોડી બસ પતંગ ચડાવી ઉત્તરાયણનો આનંદ લેવા આવનાર અનેક અગ્રણી વડીલો દ્વારા આહવાન કરાયું હતું. અને ત્યારબાદ વિદ્યાર્થીઓને પતંગ દોરી આપી પતંગ ચગવા ખુલ્લા શાળા કમ્પાઉન્ડમાં છોડવામાં આવ્યા હતા જ્યાં નાના મોટા બાળકોમાં ઉત્સાહની લાગણીઓ ઉભરી રહી હોય તેવા દૃશ્યો કેમેરે કેદ થવા પામ્યા હતા, આજના આ કાર્યક્રમમાં ગામના સરપંચ આબાદખાન ધાસુરા, દૂધ-ઉત્પાદક મંડળી મંત્રી મેહમુદખાન ધાસુરા, તાલુકા કેળવણી નિરીક્ષક જીતુભાઈ મોદી, વાલીમંડળ પ્રમુખ બિસમિલ્લાખાન ધાસુરા, એસએમસી અધ્યક્ષ અબ્દુલભાઈ પઠાણ તેમજ જાવેદખાન ધાસુરા જેઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

તલોદની વિવેકાનંદ મિશન શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવાઈ

તલોદ, તા. ૧૩

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે તલોદની વિવેકાનંદ મિશન ઈંગ્લિશ સ્કૂલના બાળકો દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રની ઝાંખી કરાવતા કાર્યક્રમો રજુ કર્યા હતા.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રાર્થના, યોગો, ડાન્સ, કરાટે જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ અને આમંત્રિતો મહેમાનોને મંત્ર મુગ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રવિણભાઈ પટેલ, ઉપેન્દ્રાઈ મિસ્ત્રી, અશોકભાઈ શાહ, ગંગારામભાઈ પટેલ, રીતેશભાઈ પટેલ, રામજીભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, નિશાંત પટેલ, શિલ્પાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સ્કૂલ ડાયરેક્ટર અમરેશ રોય, આચાર્ય કલ્યાણરોય તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

માયાવતીના જન્મ દિવસે જન કલ્યાણકારી સમારંભ

ગાંધીનગર, તા. ૧૩

બહુજન સમાજ પાર્ટીના ગાંધીનગર એકમ દ્વારા બસપાના સુપ્રિમો માયાવતીના ૫૯મા જન્મ દિવસ નિમિત્તે તા. ૧૫મી જાન્યુઆરી સવારે ૧૧ વાગે જનકલ્યાણકારી સમારંભનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સમારંભ ગાંધીનગર તાલુકાના પોર ગામે યોજાશે જેમાં બસપાના ગુજરાત પ્રદેશ મહામંત્રી ભગુભાઈ પરમાર ઉપસ્થિત રહેશે.

લાયન્સ કલબ મોડાસા દ્વારા શહેરની બહેરા મુંગા શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને 'જીવન સંદેશ' પુસ્તક અને સ્વામી વિવેકાનંદજીની છબી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રવીણ પરમાર, કમલેશ પટેલ, કનુભાઈ પટેલ, ભાવેશ જયસ્વાલ અને મિલન પટેલ હાજર રહ્યા હતાં. (તસવીર : જય અમીન)

શબ્દાવલી - ૫૬૧૬



આડી ચાવી

૧. અંધારુ, અંધકાર (૩)
૩. જાગૃત (૩)
૬. રેતીનું મેદાન (૨)
૭. મારનાર વ્યક્તિ (૪)
૮. બંને પલ્લા બરાબર સમતોલ (૪)
૧૦. શાકબાજી (૩)
૧૨. અમદાવાદમાં ઔડા અને ગાંધીનગરમાં... લાગે (૨)
૧૩. દોડપટ્ટી, વિમાનની દોડપટ્ટી (૩)
૧૪. સાડીનો પલ્લુ (૩)
૧૫. તેજ (૨)
૧૬. રહેઠાણ (૩)
૧૭. મુખવાસની એક વસ્તુ(૪)
૧૯. હવન - હોમવું તે (૨)
૨૧. ઝાડુ, ઘર સફાઇમાં વપરાતું એક સાધન (૪)

ઊભી ચાવી

૧. યુક્તિ (૪)
૨. વજનનું એક માપ (૨)
૩. આગતાસ્વાગતા કરવી(૪)
૪. એક પક્ષી (૩)
૫. જળ, પાણી (૨)
૭. મારવું તે, ઢોર... માર્યો(૨)
૮. વાળંદની દુકાન (૩)
૯. ઉતારો (૩)
૧૧. કાર્યભાર સંભાળનાર (૪)
૧૪. કાચા નહિ તેવા પાકેલા(૨)
૧૫. મોંઘવારીમાં... કરતાં જાવક વધી જાય છે (૩)
૧૮. સ્મરણ (૨)
૨૦. હિરો (૨)

શબ્દાવલી ૫૬૧૫ના જવાબ

આડી ચાવી :- (૧) દ્યલબાટી (૪) જસાં (૬) રામલીલા (૯) નીયત (૧૧) રાતરાણી (૧૪) પાનખર (૧૫) કબર (૧૭) વન (૧૮) શીસ (૧૯) ફીશીયારી (૨૩) સરાસીસ (૨૪) સીતાર

ઊભી ચાવી :- (૧) દ્યમીની (૨) બારાત (૩) ટીમ (૫) સાંઢણી (૭) લીરા (૮) લાત (૧૦) યકીન (૧૨) રાસબરી (૧૩) પરવરીશ (૧૬) રસદ્યર (૧૯) ફીસ (૨૦) શીરા (૨૧) યારી (૨૨) ફાંસી

મોડીસાંજે ભીડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટોલ પર પતંગોનો તમામ સ્ટોક ખાલી થઈ જવા પામ્યો હતો.

પતંગ-દોરી ઉપરાંત બજારમાં બોર, શેરડી અને વિવિધ ફળો તેમજ શાકભાજી ખરીદવા માટે પણ લોકોએ રીતસરની પડાપડી કરી હતી. બીજી તરફ સેવાભાવી તેમજ જીવદયાની સંસ્થાવાળાઓએ પણ આજે અનેક ઠેકાણે 'પક્ષી બચાવો', 'દોરીથી દોરી કાપો જીવાદોરી નહી' જેવા સૂત્રો અને ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટેના સંપર્ક નંબરોના ચોપાનીયા વહેંચ્યા હતા અને વિવિધ સોસાયટીઓના પ્રવેશદ્વારોએ તેમજ જાહેર જગ્યાઓ પર ચોંટાડ્યા હતા. આવતીકાલથી ઉત્તરાયણમાં લોકો સરકારી ઉત્સવોની ઝાકમઝોળ ભુલી પતંગની મજા માણવામાં મશગુલ બનશે અને આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જશે. ચારેકોર 'કાઈપ્યો છે અને લપેટ...લપેટ'ની બુમો સંભળાશે.

મુલાકાતીઓ ઉભરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખડકી દેવાતા મુલાકાતીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. બીજી તરફ ગ્લોબલ ટ્રેડ શોંમાં નિયત સમય કરતા ૨ કલાક વહેલા અલબત્ત ૪ કલાકે જ એન્ટ્રી બંધ કરી દેવાતા સેંકડો મુલાકાતીઓએ અવ્યવસ્થાનો ભોગ બની વીલા મોંએ પરત ફરવાનો વારો આવ્યો હતો. મુલાકાતીઓની હાજરીમાં જ ટ્રેડ શોંમાં સ્ટોલ ધારકોએ સામાન ઉલેચવાન શરુ કરી દીધું હતું. જેના લીધે નાગરિકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. નિયત સમય કરતા વહેલા ટ્રેડ શો આટોપી લેવાની હરકતના લીધે આમ નાગરિકોએ પ્રબળ આક્રોશ વ્યકત કર્યો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ